## શ્રેષ્ઠ ગુણ :



શ્યામલનગર નામે એક નાનું ગામ હતું. આ ગામમાં એક વિશાળ તળાવ હતું. તળાવની પાસે, મોટાં મોટાં ઘટાદાર વૃક્ષો હતાં. વળી તળાવની સામે રંગબેરંગી ફૂલો, લીલું લીલું ઘાસ ધરાવતો સરસ મઝાનો બગીચો હતો. શ્યામલનગર ગામમાં રહેનારા લોકો ઓછું ભણેલા હોવાથી, તેઓ તળાવમાં નહાવા જતા , તળાવના કિનારે કપડાં ધોતા ને વાસણ માંજતા. પરિણામે તળાવની આજુબાજુ ગંદકી થતાં મચ્છરોનો ત્રાસ વધવા લાગ્યો.

કેટલાક લોકો કુહાડી લઈને મોટાં મોટાં વૃક્ષોને કાપતા હતા. વળી બગીચામાં બેસીને નાસ્તો કરતા અને બગીચામાં જ્યાં ત્યાં કાગળના ટુકડા ફેંકતા હતા.

એક દિવસ આ ગામમાં રોહિત નામનો ભણેલો ગણેલો યુવાન પોતાના થેલામાં વિવિધ પ્રકારની જથ્થાબંધ અગરબત્તી વેચવા માટે લઈને આવ્યો. તેને ગામમાં તળાવ, બગીચાની આજુબાજુ ગંદકી જોઈને દુ:ખ થયું. તેણે સૌ ગ્રામવાસીઓને ઘેર ઘેર જઈને અગરબત્તી વેચવાનું શરૂ કર્યું. વળી સૌને રોહિત પ્રેમથી સમજાવતાં કહેતો, “ભાઈઓ, તમારું આ ગામ ખૂબ જ સુંદર છે. પણ તળાવના કિનારે તમે કપડાં ધોઈને, વાંસણ માંજીને આજુબાજુ ગંદકી કરો છો, તે યોગ્ય નથી. વળી બગીચામાં પણ તમે નાસ્તો કરીને કાગળના ટુકડાઓ ફેંકો છો. શું આ તમને સારૂં લાગે છે? તમે સ્વચ્છતા રાખશો તો તમારી તંદુરસ્તી સારી રહેશે. આ ગામમાં પ્રકૃતિની મહેરબાની છે. ઘણા ઝાડ છે. લીલોતરી છે પણ તમે જો સૌ થોડી સમજદારી રાખીને કચરો જ્યાં ત્યાં ન ફેંકતાં કચરાટોપલીમાં નાંખો તો કેવું સારૂં ?

તમારે સૌએ એકતા રાખીને આ ગામને ઉજ્જવળ કરવું છે ને ? તમારા ગામની ઠેરઠેર પ્રશંસા થાય તે તમારા હાથમાં છે."

રોહિતની આ વાત સાંભળીને સૌ ગ્રામવાસીઓ ખુશ થયા. તેમના સ્વભાવમાં સમજદારીનો પ્રવેશ થયો. સૌએ ગામમાં સ્વચ્છતા રાખવાનું વ્રત લીધું. સાથે સાથે રોહિત પાસેથી અગરબત્તીઓ ખરીદીને પોતાના ઘરમાં સુવાસ ફેલાવી. મિત્રો, આપણી જ સોસાયટી કે ફ્લેટની આજુબાજુ ગંદકી ન કરતાં, સ્વચ્છતા રાખવાની જવાબદારી કોની ? આપણી જ ને?

લેખક : સતીશ ભુરાની